
# મોડાસા તાલુકાના ૧૩ રાજીવ ગાંધી ભવનનું કામ ખોરંભે ચઢ્યુ

## ૨૦૧૧-૧૨માં ફાળવાયેલ કામો આજ દિન સુધી પુરા થયેલ નથી





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લામાં વર્ષ-૨૦૧૧-૧૨માંમોડાસા તાલુકામાં ૧૩ રાજીવ ગાંધી ભવન બાંધવાની મંજૂરી અપાઈ હતી. જેમાં અંદાજીત ૧૪ થી ૧૫ લાખ રૂપિયાના ખર્ચે એક ભવન તૈયાર કરવાનું હતું, પરંતુ તાલુકામાં ૧૩ ભવન પૈકીના ઘણા ખરા ભવનોનું બાંધકામ અધુરા રહેવા દઈ પુરેપુરી રકમ અધિકારીઓની મિલીભગતથી ઓહિયા કરી જવાઈ છે. ત્યારે ગ્રામજનોના ઉપયોગ માટે બાંધવામાં આવેલ રાજીવ ગાંધી ભવન હલકી કક્ષાના બાંધવાના કારણે ખંડેર સમાન બની ગયા છે ત્યારે આ અંગે ઉચ્ચસ્તરીય તપાસ થાય તો લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર બહાર આવે તેમ છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની ૧૩ ગ્રામ પંચાયત વિસ્તારમાં વર્ષ ૨૦૧૧-૧૨માં એન.આર.જી.એ. યોજના હેઠળ રાજીવ ગાંધી ભવન મંજૂર કરવામાં આવ્યા હતા. જેના બાંધકામ માટે પ્રત્યેક ભવન દીઠ ૧૪ થી ૧૫ લાખ રૂપિયા પણ ફાળવવામાં આવ્યા હતા. તાલુકાની માથાસુલિયા, વાંટા રામપુર, બોલુન્દ્રા, ગઢા, બોરડી, દાવલી, રખ્યાલ, મુલોજ અને વરથું સહિતની ૧૩ ગ્રામ પંચાયત વિસ્તારમાં જે તે સમયે બાંધકામ પણ શરૂ કરી દેવાયું હતું. ત્યારે ૧૧ માસની સમયમર્યાદામાં આ કામ પુરૂ કરવાની પણ શરત મુકવામાં આવી હતી. ત્યારે સ્થાનિક કક્ષાથી માંડીને ઉચ્ચ અધિકારીઓની મિલીભગતથી ઘણાખરા રાજીવગાંધી ભવન માત્ર કાગળ પર સંપૂર્ણ બની ગયેલા બતાવી તેના લાખો રૂપિયાના બીલો મંજૂર કરી લઈ ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે ત્યારે આ બાબતની તપાસ વિજીલન્સ દ્વારા કરવામાં આવે તે જરૂરી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર સ્થિત બનાસકાંઠા જિલ્લાની સહકારી બનાસબેંક દ્વારા ખાતેદારો અન્ય રાષ્ટ્રીય કૃત બેંકની જેમ સુવિધાઓ મળે તે હેતુથી નવીન એ.ટી.એમ. કાર્ડ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીના હસ્તે લોન્ચ કરાયું હતું. આ કાર્યક્રમમાં મંત્રી શંકરભાઈ ચૌધરી સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં ૬૮૯ તળાવો સુકાતા પાણીની ભારે તંગી

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લામાં ૬૮૯થી વધુ તળાવોમાં આગ ઓકતી ગરમીના કારણે પાણી અદશ્ય થઈ ગયું છે. જેના કારણે તળાવો ખાલીખમ થઈ સુકાઈ ગયા છે. ગ્રામ્ય વિસ્તારમાં પશુઓ પાણી માટે ટળવળી રહ્યા છે. જ્યારે પશુપાલકો વરસાદ થવાની આકાશ તરફ મીટ માંડી પશુધન માટે પીવાના પાણી મેળવવા ફાંફા મારી રહ્યા છે. ત્યારે ગુજરાત સરકાર ચોમાસાની રાહ જોયા વિના ખાલીખમ તળાવો ભરવા માટે તત્કાલ આયોજન હાથ ધરવુ જોઈએ જેથી આકરા ઉનાળાની આફતને અવસરમાં પલટી શકાય.

અરવલ્લી જિલ્લામાં કરોડો રૂપિયાની સિંચાઈ માટે ગ્રાન્ટો મળી રહે છે. જ્યારે કેટલાક તળાવોની નજીકમાં જ મોટા જળાશયો અને ઉત્તર ગુજરાતની જીવાદોરી સમાન કેનાલ પસાર થતી હોવા છતાં નજીકમાં જ આવેલા તળાવો યોગ્ય આયોજનના અભાવે ખાલીખમ



(તસવીર : જય અમીન, મોડાસા)

જોવા મળી રહ્યા છે. જિલ્લામાં શીયાળાના અંત ભાગમાં જ મોટા ભાગના તળાવોમાંથી પાણી અદશ્ય થવા લાગ્યાં હતા. જ્યારે આકરો ઉનાળો શરૂ થતાંની સાથે જ તળાવોમાંથી પાણી અદશ્ય થતાં સ્થાનિક પંચાયતો અને પશુપાલકો દ્વારા સૂજલામ સૂફલામ તેમજ અન્ય જળાશયોની કેનાલો મારફતે ગામના તળાવો ભરવા માટે જિલ્લાના પ્રજાજનોની માંગ બુલંદ બની છે. અરવલ્લી જિલ્લામાં મેશ્વો, માજૂમ અને વાત્રક જળાશયોને નર્મદાના નીરથી ભરવાની રૂ. ૪૫૦ કરોડથી વધુ ખર્ચે આકાર લઈ રહી હોવા છતાં જીલ્લાનાં ૬૦૦ થી વધુતળાવો લગભગ સુકાઈ જતાં સિંચાઈ પાણીની તંગી ઉપરાંત પશુધન ધરાવતા લોકો માટે પણ સમસ્યા સર્જાઈ છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આ વર્ષે ચોમાસુ નબળુ રહેવાની ધારણા વચ્ચે તંત્ર ત્રણેય ડેમમાંથી તળાવો સુધી પાણી લઈ જવામાં આવે તો જ ગામડાઓના લોકો અને પશુધનની પીવાના પાણીની સમસ્યા હલ થઈ શકે. જિલ્લાના મોટાભાગના તળાવો ખાલીખમ થઈ જતાં ત્યાં હવે ધૂળની ડમરીયો ઉઠવા લાગી છે. મુંગા પશુઓ તળાવ કિનારે પહોંચે છે પરંતુ પાણી અદશ્ય જોઈ નિસાસા નાખતા હોય તેવા દશ્યો જિલ્લા વહીવટીતંત્રની નબળાઈને મોટેભાગે ઉજાગર કરી રહ્યા છે.

# દૂધમાં ભાવ વધારો અને સર્વિસ ટેકસમાં વધારો થતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૧

સમગ્ર દેશ માં આજે ૧ જુન ગી સવિસટેકસ ના ૧૪ ટકા સ્લેબનો આજ થી શરૂઆત થશે આ સવિસ ટેકસ વધવાને કારણે હવે જીવન જરૂરીયાત વસ્તુઓ મોધી થશે હવે સમગ્ર ભારત દેશ માં ૧૨.૩૬ ટકા ટેકસની જગ્યા એ ૧૪ ટકા સવિસટેકસ વસુલવામાં આવસે એટલે કે આમ જનતા ઉપર ૧.૬૪ ટકા ટેકસ નુ ભારણ વધ્યુ આ સર્વીસ ટેકસ ના વધારા ના કારણે મધ્યમવર્ગીય લોકો ને સૌથી વધુ કમરતોડ ફટકો પડશે જેના કારણે હવે ગૃહિણીઓ ના ઘરના બજેટ ખોરવાઈ જશે આ સવિસટેકસ માં જે સુવાઓ મોધી બનશે તેમાં ટલીફોન બીલ મોબાઈલ ફોન કેબલ સર્વીસ કોચીંગ કલાસીસ ની ફી મુખ્ય છે. આ ઉપરાંત મંડપ ડેકોરેશન કેટરીંગ શેન્ટ એ કેબ ઈવેન્ટ મેનેજમેન્ટ કન્સટ્રકશન સવિસ તેમજ રેલ્વે ભાડા માં પણ વધારો થશે જયારે બીજી બાજુ રેસ્ટોરેન્ટ માં જમવાનુ મોઘુ થશે જયારે ઘરનુ ઘર લેવાનુ સપનુ રોળાઈ જશે મકાન ઉપર જુદા જુદા પ્રકાર ના ૩૫ ટેકસ લાગુ પડતા હોવાથી સામાન્ય વ્યકતિ પર પણ ટકેસ નો બોજો વધી જશે.

તો બીજી બાજુ ગુજરાત રાજય ની અમુલ ડેરી ધ્વારા દુધ ની થેલી માં બે રૂપિયા જેટલો વધારો કરતાં હવે સફેદ દુધ પણ મોધુ થયુ છે તો કેન્દ્ર ની ભાજપ સરકાર અરછે દિન આયેગે ની વાતો કરતી હતી ત્યારે પાછલા બારણે પરજા પર ટેકસ નો બોજો નાખી ને જનતા ને ઉલલુ બનાવાનુ કામ કરયુ છે.

ત્યારે આ દુધ નો ભાવ વધારો અને સવિસ ટેકસ માં વધારા ના કારણે અરવલલી જીલ્લા માં પણ ગૃહિણીઓ ના બજેટ ખોરવાઈ જવાના કારણે ગુહીણી ઓ ચિંતા માં મુકાઈ ગઈ છે અને હાલ મનોમન અરછે દિન આયેગે નો વાયદો કરનાર મોદી સરકાર ને કોસી રહી છે.

### ભાવ વધારાને કારણે હવે ઘરનુ બજેટ ખોરવાઈ જશે : ઝુબેદાબહેન



ગુજરાત મીલ્ક ફેડરેશન ધ્વારા આજે ૧૩ મહિના પછી અમુલ દુધ ની કિમંત માં ફરી થી એકવાર લીટરે બે રૂપિયા જેટલો વધારો કરવાના કારણે ઘર માં મહિના નુ બજેટ ખોરવાઈ જશે તેમજ હવે દુધ પણ કરકસર થી વાપરવુ પડશે.

### દૂધમાં કરાયેલો ભાવ વધારો પાછો ખેચવો જોઈએ : સાનિયાબેન



ગુજરાત મીલ્ક ફેડરેશન ધ્વારા આજે ૧૩ મહિના પછી અમુલ દુધ ની કિમંત માં ફરી થી એકવાર લીટરે બે રૂપિયા નો જે વધારો કર્યો છે તેનાથી મધ્યમવર્ગી લોકો અને ખાસ કરી ને ગરીબ લોકો ને દુધ શુ એ એક સ્વપનુ બની જશે જેથી ગુજરાત મીલ્ક ફેડરેશને આ દુધ માં લીટરે ૨ રૂપિયાનો કાયેલ ભાવ વધારો પાછો ખેચવો જોઈએ.

### મોદી સરકારે રાશનની જગ્યાએ ભાષણ પર ટેકસ લગાવવો જોઈતો હતો : ભાવિક જોષી



મોદી સરકારે જે સર્વીસ ટેકસ વધારયો એમાં ખાદ્ય પદાર્થ પર પણ સર્વીસ ટેકસ લાગુ પડશે સરાકરે ખાદ્ય ચીજો પર પણ ટેકસ લગાવ્યો છે જો રાશન પર સરકાર ટેકસ લગાવે છે તો સરકાર ભાષણ ઉપર પણ ટેકસ લગાવે તો ખબર પડે કે કેટલા વીશે સો થાય.

### ભાજપ સરકારે સ્વપના બતાવી લોકોને છેતર્યા છે : અરૂણભાઈ પટેલ



મોદી સરકારે ચુટણી વખતે લોકો ને જે સ્વપના બતાવ્યા હતા તે સ્વપનાઓ આજે તુટતા દેદાઈ રહયા છે અને પાછલા બારણે ટેકસ વધારીને આમ જનતાની કમર તોડી નાખવાનો સરકાર ની આ ચાલ છે મોદી સરકાર કહેતા હતકે અરછે દીન આયેગે....પણ અરછે દીન તો બાજુ પર રહયા હવે તો બુરે.....દીન....ની શરૂઆત થઈ ગઈ છે..સરકારે આવા ખોટા ટકેસ વધારવાનુ બંધ કરવુ જોઈએ.

### ખેડબ્રહ્માથી અમદાવાદ જતી ટ્રેનમાંથી આધેડનો મૃતદેહ મળ્યો

હિંમતનગર, તા. ૪

ખેડબ્રહ્માથી અમદાવાદ જતી ટ્રેન નં.૫૨૯૨૩ના એક ડબ્બામાંથી મંગળવારે સાંજના સુમારે એક આધેડ બેભાન અવસ્થામાં પડેલો હતો. જે અંગે એક મુસાફરે ટ્રેનના ગાર્ડ અને હિંમતનગર સ્ટેશન માસ્તરને જાણ કરાઈ હતી. ત્યારબાદ ૧૦૮ દ્વારા આ આધેડને હિંમતનગર સિવિલમાં લાવી તપાસ કરતા તેને મૃત જાહેર કર્યો હતો.

આ અંગે રેલ્વે પોલીસના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્માથી અમદાવાદ જતી ટ્રેન મંગળવારે સાંજના સુમારે હિંમતનગર રેલ્વે સ્ટેશન પર આવી હતી. દરમિયાન ડબ્બા નં.૮૯૭૨૪માં એક આધેડ બેભાન અવસ્થામાં પડેલા હોવાની જાણ એક મુસાફરે ગાર્ડને કરી હતી. ત્યારબાદ આ ગાર્ડે સ્ટેશન માસ્તરને જાણ કરતા તેમણે ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી હતી અને તરત જ આ બેભાન આધેડને સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા.

# મોડાસામાં વિશ્વ તમાકુ નિષેધ દિને વ્યસન મુકિત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા.૪

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના બસ સ્ટેન્ડમાં આજે અરવલ્લી જિલ્લા ગાયત્રી પરિવારના સભ્યો દ્વારા યુવાનોને વ્યસનમુકત જીવન જીવવા તથા વ્યસનથી થતા શરીરને નુકશાન અંગે જાગૃત બની એક સ્વસ્થ જીવન જીવવા માટે પ્રેરીત કરવામાં આવ્યા હતા. ગાયત્રી પરિવારના સભ્યોએ વિશ્વ તમાકુ નિષેધ દિને કરેલા કાર્યક્રમને નગરજનોએ બિરદાવ્યો હતો.

અરવલ્લી જિલ્લાના મોડાસાના ગાયત્રી પરિવાર દ્વારા આજે બસ સ્ટેન્ડમાં રહેલા મુસાફરો અને બસ સ્ટેન્ડ એરિયામાં યુવાનો, મહિલાઓ વૃધ્ધોને તમાકુનું સેવન ન કરવા અને વ્યસન મુકત બનવા પ્રેરણા આપી હતી. આજે ભારત દેશમાં યુવાનો, મહિલાઓ, બાના બાળકો અને વૃધ્ધો તમાકુના વિવિધ ઉત્પાદનોનું સેવન કરી પોતાનું જીવન જોખમમાં મુકે છે. તમાકુના ઉત્પાદકોનું સેવન કરવાથી માનવજાત જીવલેણ રોગોમાં સપડાઈ અકાળે મૃત્યુ પામે છે. આજના આધુનિક યુગમાં યુવાનો દેખાદેખી તમાકુનું સેવન કરવાની સાથે સાથે આદતમાં સપડાઈ જાય છે જયારે મજૂર વર્ગની મહિલાઓ ખુલ્લેઆમ ગુટખા અને પાન મસાલાનું સેવન કરવામાં સંકોચ અનુભવતી નથી. તમાકુના સેવનથી નાની યુવા વયે જ મૃત્યુ પામનારા યુવાનોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે. બીડી, સિગારેટ, ગુટખા, ખૈની, પાન મસાલા અને અન્ય તમાકુના ઉત્પાદકોનું સેવન કરી નાણાં, સમય અન જીવનની બરબાદી થઈ રહી છે ત્યારે યુવાનો અને મહિલાઓ તેમજ બાળકોને પોતાના સ્વાસ્થ્ય અંગે જાગૃત કરવાનો એક અનોખો અભિગમ અરવલ્લી જિલ્લા મોડાસાના ગાયત્રી પરિવાર દ્વારા આજે મોડાસા બસ સ્ટેન્ડ વિસ્તારમાં ગાયત્રી પરિવારના સભ્યો દ્વારા યુવાનો, વૃધ્ધો અને મહિલાઓને તમાકુ સેવન ન કરવા અને વ્યસન મુકત થવા અંગે પ્રેરણા આપી હતી.

## સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની સાધારણ સભા મળી

સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની ૫૭મી વાર્ષિક સાધારણ સભા મંગળવારે હિંમતનગરના સહકાર હોલ ખાતે મળી હતી. જેમાં બેંકના પૂર્વ ચેરમેન અમીચંદભાઈ પટેલના નિધન બદલ મૌન પાડી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ સાધારણ સભામાં બેંકના વર્તમાન ચેરમેન મહેશભાઈ પટેલની એનઆઈસીએમ ગાંધીનગરમાં ડિરેકટર તરીકે વરણી થતાં તેમનું સન્માન કરાયુ હતું. આ સાધારણ સભામાં બેંકના ચીફ એકઝીકયુટીવ હિતેષકુમાર નાયકે બેંકે કરેલી કાર્યવાહીનો અહેવાલ રજુ કર્યો હતો.

### ઈડરમાં સોનાના દોરાની ચીલઝડપ કરનાર શખ્સ પકડાયો

ઈડરમાં છેલ્લા કેટલાક સમયથી અજાણ્યા શખ્સો રસ્તા પર જતી મહિલાઓના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ કરતા હોવાની ફરિયાદ ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. દરમિયાન મંગળવારે રાત્રે પોલીસે મોડાસા તાલુકાના તખતપુર ગામના એક શખ્સની ધરપકડ કરી હતી. આ શખ્સે એક મહિલાના ગળામાંથી સોનાનો દોરો તોડયો હોવાની કબુલાત પોલીસ સમક્ષ કરી હતી. મનિષાબેન શૈલેષભાઈ કોઠારી ઈડરમાં લગ્ન પ્રસંગમાં આવ્યા હતા. દરમિયાન ટાવર ચોક પાસેથી વરઘોડો પસાર થતો હતો ત્યારે એક શખ્સ તેમના ગળામાંથી બે તોલા સોનાનો દોરો તોડીને ભાગી ગયો હતો. જે સંદર્ભે મનિષાબેને ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બીજી તરફ ઈડર પોલીસે મનિષાબેનને કેટલાક શખ્સોની તસ્વીર બતાવતા તેમાંથી એક શખ્સને ઓળખી કાઢયો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦